પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૫૧ | ૪ માર્ચ, ૨૦૨૦, બુધવાર; ફાગણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોરોનાના પગલે દેશમાં એલર્ટ

**ઇટાલી સહિત ચાર દેશના નાગરિકો માટે વિઝા સસ્પેન્ડ : કેરળ બાદ દિલ્હી, તેલંગાણામાં કેસ દેખાયા બાદ સમગ્ર દેશમાં એલર્ટ : નોઇડા તેમજ આગરામાં કોરોના વાયરસ હોવાની આશંકાથી દહેશત ફેલાઈ બેઠકોનો દોર : નોઇડામાં બે સ્કુલો બંધ કરાઈ : એરપોર્ટ પર જોરદાર સ્ક્રીનિંગ**



નવીદિલ્હી, તા. ૩
કોરોના વાયરસને લઈને ભારતમાં પણ ભારે હાહાકાર મચી ગયો છે. દુનિયાભરમાં કોરોના વાયરસે આતંક મચાવ્યા બાદ ભારતમાં પણ ગઈકાલે બે પોઝિટિવ કેસ આવ્યા હતા. ત્યારબાદ આજે પણ નવા કેસ આવ્યા હોવાની આશંકા પ્રબળ બનેલી છે. દિલ્હીમાં જે શખ્સને કોરોના વાયરસ હતો તેના કારણે નોઈડા અને આગરામાં કોરોના વાયરસ હોવાની દહેશત પ્રવર્તી રહી છે. કેરળ બાદ દિલ્હી અને તેલંગાણામાં કોરોનાએ દહેશત ફેલાવી છે. નોઈડા બાદ આગરામાં પણ કોરોના વાયરસ હોવાનો ભય ફેલાઈ ગયો છે. ભારે દહેશત વચ્ચે સાવધાનીના પગલારુપે નોઈડાની સ્કુલોને બંધ કરવાની જાહેરાત કરાઈ છે. સાથે સાથે ચાર દેશોના નાગરિકોના વિઝા સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરાયો છે.

કોરોના વાયરસના નવા મામલા સપાટી ઉપર આવ્યા બાદ કેન્દ્રીય આરોગ્યમંત્રાલય દ્વારા આજે એડવાઈઝરી જારી કરીને ત્રીજી માર્ચના દિવસે અથવા તો તે પહેલા ઈટાલી, ઈરાન, દક્ષિણ કોરિયા, જાપાનના એવા નાગરિકોને જારી નિયમિત વિઝા અથવા તો ઈ વિઝા સસ્પેન્ડ કરી દીધા છે જે લોકોએ હજુ સુધી ભારતમાં પ્રવેશ કર્યો નથી. સાથે સાથે વાતચીતમાં ત્રણ માર્ચ સુધી જાપાન અને દક્ષિણ કોરિયાના નાગરિકોને જારી એરાઈવલ વિઝા પણ સસ્પેન્ડ કરી દીધા છે. જે લોકોએ હજુ સુધી ભારતમાં પ્રવેશ કર્યો નથી તે લોકોના વિઝા રદ કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોનાથી કોઈએ ડરવાની જરૂર નથી : મોદી

દેશમાં કોરોના વાયરસના કેસોમાં સતત વધારો થયા બાદ વડાપ્રધાન મોદીએ ટ્વીટ કરીને જણાવ્યું કે, કોઈએ ડરવાની જરૂર નથી. આપણે સાથે કામ કરવાની જરૂરત છે. પોતાના બચાવ માટે નાના પરંતુ મહત્વના પગલા ભરો. કોરોના વાયરસને રોકવાને લઈને તૈયારીઓ સંદર્ભે વ્યાપક સમીક્ષા કરી છે. અલગ-અલગ મંત્રાલયો અને રાજ્યો સાથે મળીને કામ કરી રહ્યા છે. ભારતમાં આવનાર લોકોને સ્ક્રીનિંગથી લઈને તાત્કાલીક સારવાર પૂરી પાડવામાં આવશે.

## આગ્રામાં કોરોનાના ૬ શંકાસ્પદ કેસ

નોઈડા બાદ હવે આગ્રામાં પણ કોરોના વાયરસના ૬ શંકાસ્પદ કેસો સામે આવ્યા છે. આ એજ લોકો છે, જે ઈટલીથી આવેલા વ્યક્તિના સંપર્કમાં આવ્યા હતા. આ વ્યક્તિ કોરોના વાયરસનો ચેપ હતો. હાલ તમામ ૬ લોકોને આઈસોલેશન વૉર્ડમાં રાખવામાં આવ્યા છે અને તેમના બ્લડ સેમ્પલ પૂણેની મેડિકલ લેબમાં મોકલવામાં આવ્યા છે.

## કોરોના વાયરસ : ભારતે ૨૬ દવાઓના એક્સપોર્ટ પર ત્વરિત પ્રતિબંધ લગાવ્યો

ન્યુ દિલ્હી,તા.૩
સરકારે ૨૫થી વધુ દવાઓ અને ફોર્મુલેશન્સના એક્સપોર્ટ પર ત્વરિત ધોરણે પ્રતિબંધ મૂક્યો છે. ચીનથી રો મટિરિયલના ઈન્પોર્ટમાં સમસ્યા થતા પ્રોડક્શનમાં ઘટાડો થવાની આશંકા છે. જેના પર સરકારે પ્રતિબંધ મૂક્યો છે એવી દવાઓમાં પેરાસીટામોલ, ટીનીડાઝોલ, મેટ્રોનીડાઝોલ, વિટામિન બી૧, બી૬, બી૧૨, પ્રોજેસ્ટેરોન એ મુખ્ય દવાઓ છે. આને લઈ ડીજીએફટીએ હાલની એક્સપોર્ટ પોલિસીમાં ફેરફાર માટે એક નોટિફિકેશન જાહેર કર્યું છે.

મીડિયા રિપોર્ટ મુજબ સરકારે પેરાસીટામોલ સહિત દવાઓ બનાવવામાં ઉપયોગ થતા ૨૬ ફોર્મ્યુલેશન અને એક્ટિવ ફાર્માસ્યુટિકલ્સ ઇંગ્રીડિએન્ટ્સના એક્સપોર્ટ પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# 'મોદી' નહિ છોડે 'સોશિયલ મિડિયા'

**૧૬ કલાક બાદ રહસ્ય પરથી પડદો ઉંચકાયો, વડાપ્રધાન આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે પોતાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ મહિલાઓને સમર્પિત કરશે**

ન્યુ દિલ્હી,તા.૩
વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સોશ્યલ મિડિયા છોડવાની વિચારણા વાળી વાતના રહસ્ય પરથી આખરે પડદો ઉંચકાયો છે. ૧૬ કલાક પછી ખુદ મોદીએ જ સોશ્યલ મિડિયા છોડવાની વાત અંગે પોતે જ આજે ખુલાસો કર્યો કે તેઓ સોશ્યલ મિડિયા છોડવાના નથી પણ રવિવારે ૮ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે તેમના સોશ્યલ મિડિયા એકાઉન્ટ્સ એ મહિલાઓને સોંપશે કે જેમનું જીવન અને જેમનું નામ આપણને બધાને પ્રેરિત કરે છે...! બીજી તરફ સોશ્યલ મિડિયા છોડવા વિચારણા અંગેની તેમની ટ્વીટને લઈને એક તરફ કરોડો ચાહકોએ તેમને સોશ્યલ મિડિયા નહીં છોડવા સોશ્યલ મિડિયા પર અપીલ ચલાવી તો કોંગ્રેસના લોકસભામાં નેતા અધીર રંજને એવી ટકોર કરી કે મોદી દરેક સમયે ભારતને ડિજિટલની વાત કરે છે. અને હવે તેમના જેવા "ડિજિટલ પૂજારી" જો સોશિયલ મીડિયા છોડશે તો કયાં જશે...? શું મોદી સાધુ-સંત બનશે...? શું તેઓ હવે માનસરોવર જતા રહેશે...? આમ તેમના એક ટ્વીટને લઈને સોશ્યલ મિડિયામાં અફરાતફરી મચી ગઈ હતી તો રાજકિય ક્ષેત્રે પણ કોંગ્રેસ અને અન્ય રાજકિય વિરોધી પરિબળો દ્વારા તેમને નિશાન બનાવવામાં આવ્યાં હતા.

# દિલ્હી હિંસા પ્રશ્ને સંસદમાં હજુ ધમાસાણ

**લોકસભા અને રાજ્યસભામાં સતત બીજા દિવસે ધાંધલ ધમાલ થઇ : હોળી બાદ ચર્ચા થશે : હોબાળાની વચ્ચે કાર્યવાહી મોકૂફ કરવાની ફરજ : સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ઉપર ચાંપતી નજર છે : સેંકડોની ધરપકડ થઈ હોવાની સરકારે ઘોષણા કરી**

નવી દિલ્હી, તા. ૨
સંસદના બંને ગૃહોમાં આજે દિલ્હી હિંસાને લઈને ભારે હોબાળો



થયો હતો જેથી કામગીરી ખોરવાઈ ગઈ હતી. વિપક્ષ દ્વારા હિંસાને લઈને ચર્ચા કરવાની માંગણી કરવામાં આવી હતી. બીજી બાજુ સરકારે આજે કહ્યું હતું કે, દિલ્હી પોલીસે રાષ્ટ્રીય પાટનગરની કોમી હિંસાના સંદર્ભમાં સંડોવાયેલા સેંકડો લોકોની ધરપકડ કરી લીધી છે. સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. અફવાઓને રોકવા અને ઉશ્કેરણીજનક પ્રચારને રોકવાના પ્રયાસ થઈ રહ્યા છે.

કેન્દ્રીય ગૃહરાજયમંત્રી નિત્યાનંદ રાયે લેખિત પ્રશ્નના જવાબમાં લોકસભામાં કહ્યું હતું કે, દિલ્હી પોલીસે રાષ્ટ્રીય પાટનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવવા માટે વિવિધ પગલા લીધા છે. પુરતા ફોર્સની સાથે પોલીસ અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. ૭૬ કંપનીઓ કેન્દ્રીય સશસ્ત્ર દળની તૈનાત કરવામાં આવી છે. ૧૨૦થી વધુ એફઆઈઆર તોફાની તત્વો સામે નોધવામાં આવી ચુકી છે. સીસીટીવી ફુટેજ એકત્રિત કરવામાં આવી રહ્યા છે.

અપરાધીઓને પકડી પાડવા માટે લોકો પાસેથી વિડિયો પણ મંગાવવામાં આવી રહ્યા છે. સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ઉપર નજર રાખવામાં આવી રહીછે. હિંસાગ્રસ્ત વિસ્તારમાં હજુ પણ સીઆરપીસીની કલમ ૧૪૪ અમલી રાખવામાં આવી છે.

## ગેરવર્તન કરનાર સાંસદ સમગ્ર સત્ર સુધી સસ્પેન્ડ થશે

**બેનરો લઇને ગૃહમાં આવેલા સંસદ સભ્યોને જોઇ સ્પીકર ભડક્યા : કોઈ સાંસદ અન્ય સભ્યની બેઠક પાસે નહીં જાય – સ્પીકર આકરા પાણીએ**

ન્યુ દિલ્હી,તા.૩
દિલ્હી હિંસાને લઈને સંસદમાં આજે પણ સંગ્રામ છેડાયો છે. પુરૂષ અને મહિલા સાંસદો વચ્ચે ધક્કામુક્કી બાદ આજે પણ લોકસભાની કાર્યવાહી શરૂ થતાની સાથે જ ફરી એકવાર હોબાળો મચી જવા પામ્યો હતો. વિરોધ પક્ષના સાંસદો દિલ્હી હિંસા પર તુરંત ચર્ચાની માંગણી કરી રહ્યાં હતાં, જ્યારે સ્પીકર ઓમ બિરલાએ પ્રશ્નકાળ બાદ આ મામલે ચર્ચાની વાત કરી હતી. દરમિયાન લોકસભા અધ્યક્ષે સાંસદોને આકરી ચેતવણી આપી હતી.

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ હોબાળો અને ધક્કા-મુકી મામલે વિરોધ પક્ષના

● અનુસંધાન પાન-૭ પર

# ચીનની અરૂણાચલ પ્રદેશમાં ૭૫ કિમી સુધી ઘૂસણખોરી

ઈટાનગર,તા.૩
દેશના સુદૂર પૂર્વી રાજ્ય અરુણાચલ પ્રદેશમાં ફરી એક વખત ચીની સેનાની ઘુસણખોરીના સંકેત મળ્યા છે. રાજ્યના અંજાવ જિલ્લાના સ્થાનીક રહેવાસીઓના જણાવ્યા અનુસાર ચીની સેના ભારતીય સીમામાં ઘણા બધા કિલોમટર સુધી દેશમાં

● અનુસંધાન પાન-૭ પર


## હાર્દિક અભિનંદન



શ્રી પરેશભાઈ આર. પટેલ
ડીરેક્ટરશ્રી કૃષક ભારતી કો.ઓ.લી.
(કૃભકો - ન્યુ દિલ્હી)

ગુજરાત રાજ્યના સહકારી આગેવાન
શ્રી પરેશભાઈ આર. પટેલ
ભારત દેશની નામાંકિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થા કૃભકો (ન્યુ દિલ્હી)માં સતત ત્રીજીવાર દસ રાજ્યમાંથી બિનહરિફ વરણી થવા બદલ આપશ્રીને અભિનંદન સહ
ખૂબ ખૂબ શુભકામનાઓ...

શુભેચ્છક
અંબુસિંહ પી. ગોલ | યોગીનભાઈ એચ. પટેલ
પ્રેમલસિંહ પી. ગોલ | દિનેશભાઈ એચ. પટેલ
આકાશ ઈન્ફ્રા. પ્રોજેક્ટ્સ લિ., ગાંધીનગર


# પોલીસ સામે પિસ્તોલ તાણી દેનાર શાહરૂખ અંતે પકડાયો

**ઉત્તરપ્રદેશના શામલીમાંથી પકડાયા બાદ પુછપરછ શાહરૂખના પરિવારના સભ્યો હજુય ફરાર : શોધ જારી**

નવી દિલ્હી,તા. ૩
દિલ્હી હિંસા દરમિયાન પોલીસ પર



પિસ્તોલ તાણનાર ખતરનાક શખ્સ મોહમ્મદ શાહરૂખને પકડી લેવામાં આવ્યો છે. હિંસા દરમિયાન તેનો ફોટો ખુબ જોરદાર રીતે ચર્ચામાં રહ્યો હતો. શાહરુખને પકડી પાડવામાં આવ્યો છે પરંતુ તેના પરિવારના સભ્યો હજુ પણ ફરાર થયેલા છે. હિંસા થયા બાદ તેના પરિવારના સભ્યો પણ ફરાર થઈ ગયા હતા. પોલીસ ટુકડી તેના આવાસ પર પહોંચી ત્યારે ઘરની બહાર તાળ લાગેલા છે. કોઈપણ વ્યક્તિ તેમના અંગે વાત કરવાની સ્થિતિમાં નથી. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે શાહરૂખ નામના શખ્સની ઉત્તરપ્રદેશમાં શામલી ખાતેથી ધરપકડ કરી લેવામાં આવી છે. શાહરૂખે માત્ર પોલીસ પર પિસ્તોલ તાણી ન હતી. સાથે સાથે આઠ રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. ધરપકડને ટાળવા માટે તે ફરાર થઈ ગયો હતો. આજે તેની બાતમીના

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી હિંસામાં જે પણ કસૂરવાર હોય તેને કડક સજા કરો : કેજરીવાલ

**કેજરીવાલે વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરી**

ન્યુ દિલ્હી,તા.૩
દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે (મંગળવારે) વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરી હતી. ગત મહિને વિધાનસભા ચૂંટણીમાં જીત્યા અને સીએમ બન્યા બાદ કેજરીવાલની આ વડાપ્રધાન સાથે પહેલી મુલાકાત હતી. બન્ને નેતા સંસદમાં મળ્યા હતા.

મુલાકાત બાદ કેજરીવાલે કહ્યું હતું કે મેં પીએમ મોદીને કહ્યું છે કે દિલ્હી હિંસામાં જે પણ કસુરવાર હોય તેમને કડકમાં કડક સજા કરવામાં આવે. અમે કોરોના વાઈરસ સામે સાથે મળીને કામ કરવાની વાત કરી છે. તેમણે વધુમાં કહ્યું હતું કે જો રવીવાર રાતથી જ્યારે અફવાઓ ફેલાવા

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225